W 69713

# નારીચરિત્ર


**नम्र सूचन**

इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.



લેખક

શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી



आ.श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ना. क्र.


શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર : ગાંધી માર્ગ : અમદાવાદ-૧

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

029213

'Nari Charitra' by Shree Devendra Muni
Translated from Hindi by Shree Chandrakant Amin
Price : Rs 2–25

Serving JinShasan
029213
gyanmandir@kobatirth.

પ્રકાશક :
શ્રી ધનરાજભાઇ ઘાસીરામ કોઠારી
શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર,
ગાંધી માર્ગ, અમદાવાદ-૧.

(C) શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર

પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧

કિંમત રૂા. ૨-૨૫

મુદ્રક :
માનવ રોજગાર કાર્યાલય,
એ. ૭ જે. કે. એસ્ટેટ
રૂસ્તમ મિલ સામે,
અમદાવાદ.

## ૪૦

# દાનમાં અવિશ્વાસ શા માટે?

એક વખત એક ઘોડાનો વેપારી બે સુંદર ઘોડા લઈને રાજા વિક્રમાદિત્ય પાસે આવ્યો. રાજા વિક્રમાદિત્યને બંને ઘોડા ખૂબ સારા લાગ્યા. બંને ઘોડા તેમણે અશ્વ-શાળામાં બંધાવી દીધા.

તે જ વખતે રાજાને ઘોડેસ્વારીનો શોખ પેદા થયો અને તેમણે એ બે ઘોડામાંથી એક ઘોડા પર સવાર થઇને જંગલ તરફ ચાલવા માંડયું.

આ ઘોડો વક્રશિક્ષિત હતો. જેમ-જેમ તેને રોકવાનો પ્રયત્ન કરવામાં આવતો, તેમ-તેમ તે વધુ ઝડપથી દોડતો હતો.

રાજા આ રહસ્ય જાણતો ન હતો. ઘોડો રાજાને લઈને પૂરપાટ દોડયો અને તેમને ખૂબ દૂર લઈ ગયો. દોડી-દોડીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘોડો જ્યારે ખૂબ થાકી ગયો ત્યારે એક ઝાડ નીચે આપો-આપ ઉભો રહ્યો. હવે રાજાને શાન્તિ વળી.

પરંતુ અત્યંત થાકેલો હોવાને કારણે ઘોડો ધરતી પર પડયો અને એવો પડયો કે ફરીથી ઊઠી શકયો નહીં.

તરસને કારણે રાજા વિક્રમાદિત્યનું ગળું સુકાતું હતું. આ તરફ તેમણે પોતાના ઘોડાને જ્યારે મરેલો જોયો, ત્યારે તે વધારે વ્યાકુળ થઇ ગયા અને બેભાન બનીને ધરતી પર ગબડી પડયા.

રાજાના પુણ્યોથી પ્રેરાઈને એક વનવાસી ભીલ ત્યાંથી પસાર થયો. વનવાસી ભીલે રાજાને બેભાન પડેલો જોયો એટલે તરત જ પાંદડાંનો પડિયો બનાવીને તેમાં સરોવરનું પાણી ભરી લાવ્યો અને રાજાને સચેત કર્યા.

ભાનમાં આવ્યા પછી ભીલ રાજાને પોતાની ગુફા પર લઇ આવ્યો અને ભોજન-પાણીથી રાજાનો સત્કાર કર્યો. ભીલની સરળ સેવા અને મહેમાનગતિથી પ્રસન્ન થઈને રાજાએ તેને કહ્યું-

'ભાઈ ભીલ! પોતાની જાતને નાગરિક કહેવડાવનાર નગરજનો તમારી સમક્ષ એ પ્રકારે તુચ્છ છે, જેમ ચન્દ્રમા આગળ દીપક હોય છે.

'તમારો મારી સાથે કોઇ પરિચય નથી, મારી સાથે

કોઈ સ્વાર્થ કે પ્રયોજન નથી, છતાં પણ તમે પરોપકારનો માર્ગ પસંદ કર્યો છે.

'ધન્ય છે તમને, તમારી ગૃહિણીને પણ ધન્ય છે. આ વનમાં પણ તમે પરમ સુખી છો, કારણ કે સંતોષ જેવું મહા દુર્લભ ધન તમને પ્રાપ્ત છે.

'હે વનવાસી ! આ ધરતી બે પ્રકારના માણસોને સહારે જ ટકી છે. એક તો તેઓ જે સદા પરોપકારમાં તત્પર રહે છે અને બીજા તેઓ જે પોતાની સાથે કરેલા બીજાના ઉપકારોને ભૂલતા નથી.

'સજ્જનોનો સ્વભાવ જ એવો છે. સજ્જન સદા પોતાનાં કાર્ય છોડીને પણ બીજાનાં કામમાં લાગેલા રહે છે.

'જેમ ચન્દ્રમા પોતાના કલંકને મિટાવવાનું છોડીને પૃથ્વીને પ્રકાશિત કરે છે.' *

રાજાનાં વચન સાંભળીને વનવાસી ભીલ ખૂબ પ્રસન્ન થયો. વનવાસી તથા તેની પત્નીએ રાજાને યથાસંભવ બધા પ્રકારની સગવડો આપી.

રાત્રે રાજા ગુફામાં સૂઇ રહ્યો. વનવાસીની પત્ની પણ એક ખૂણામાં સૂઈ રહી. વનવાસી ભીલ ગુફાની બહાર

* હુંતિ પરકજ્જનિરયા નિઅકજ્જપરમુંહા ફુંડું સુઅડા ।
ચંદો ધવલેઇ મહીં ન કલંકં અત્તણો ફુસઈ ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેસીને પહેરો ભરવા લાગ્યો, તેણે ગુફા-દ્વારને એક ભારે પથ્થરથી બંધ કરી દીધું.

ગુફામાં સૂતાં-સૂતાં રાજા વિક્રમાદિત્ય વિચાર કરી રહ્યા હતા–

'આ ભીલનું ભોજન અત્યંત સાદું હતું, છતાં પણ રસયુક્ત અને સ્વાદિષ્ટ હતું, બીજાના ભોજનમાં જે રસ હોય છે. તે વાસ્તવમાં તો ખવડાવનારનો આદર-ભાવ જ છે.

'તેથી કોઈ વિચારકે યોગ્ય જ કહ્યું છે કે 'પાણીમાં ચિત્તને શાંતિ પહોંચાડવાનો રસ છે. બીજાના ભોજનમાં જે આદર છે, તે આદર જ પારકા અન્નનો રસ છે.

આ જ પ્રમાણે સ્ત્રીઓમાં જે અનુકૂળતા છે, તે રસ છે. તથા મિત્રોનાં પ્રિયવચન જ રસ છે. ૦

આ વિશ્વમાં ઉદાર આશયવાળી વ્યક્તિ જ ઉન્નતિ કરી શકે છે. તુચ્છ માણસો તો નાશ પામે છે. જેમ ગ્રીષ્મ ઋતુમાં પણ સમુદ્ર પૂર્ણ વૃદ્ધિ પામે છે અને સરોવર સુકાઇ જાય છે.'

રાજા પોતાના વિચારોની ગડમથલમાં હતો. તેને ઊંઘ

---

૦ પાનીયસ્ય રસઃ શાન્તં પરાન્નસ્યાદરો રસઃ
આનુકૂલ્યં રસઃ સ્ત્રીણાં મિત્રાણાં વચનં રસઃ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નહોતી આવતી. તે જ વખતે ગુફા બહારથી રાજાને સિંહનો અવાજ સંભળાયો.

સિંહની ભયંકર ગર્જના અને ઘુરકાટ સાંભળીને ભીલની પત્ની પણ જાગી ગઈ. તેણે રાજાને કહ્યું-

'જલદી ચાલો ! એમ લાગે છે કે મારા સ્વામી પર સિંહે હુમલો કર્યો છે.'

ભીલ પત્નીની સાથે રાજા ગુફા દ્વાર પર આવ્યા તો ત્યાં એક ભારે પથ્થર પડયો હતો. ચિંતિત બનીને ભીલડી-એ રાજાને કહ્યું-

'હવે આપણે બહાર કેવી રીતે નીકળીશું ? આ પત્થરને તો મારા પતિ જ હટાવી શકે છે.'

ભીલડીની વાત સાંભળીને રાજાએ ડાબા પગના અંગુઠાથી ભારે પત્થરને હટાવી દીધો અને ભીલડી સહિત ગુફાની બહાર આવ્યા.

સિંહે ભીલને મારી નાખ્યો હતો. પોતાના પતિને મરેલો જોઈને ભીલડી બેભાન બનીને પડી અને પછી કયારેય ભાનમાં આવી નહીં.

પોતાના આતિથેય પરોપકારી ભીલ દંપતીના મરણથી રાજાને ખૂબ દુઃખ થયું. રાજાએ બંને માનવોનો અગ્નિ-સંસ્કાર કર્યો અને અવંતી પાછા આવ્યા. અવંતી આવીને રાજાએ વિચાર કર્યો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'બધાં શાસ્ત્ર અને બધા ધર્મ દાન તથા શુભ કર્મોનો મહિમા ગાય છે. પણ જે ભીલ-દંપતીએ મને જીવન-દાન આપ્યું, ભોજન-પાણીથી મને મરતાને બચાવ્યો, તેઓ અચાનક જ મૃત્યુ પામ્યાં.

'શાસ્ત્રોની વાતને સાચી માનું કે મારી નજરે જોયેલી વાત સાચી માનું ? મેં તો પ્રત્યક્ષ જ જોઇ લીધું કે શુભ કર્મ કરનારાઓની પણ વિધાતા દુર્દશા કરે છે. તેથી હું મારી બધી દાનશાળાઓ બંધ કરાવી દઈશ.'

રાજાએ દાનશાળાઓ બંધ કરાવી દીધી. દરરોજ આપવામાં આવતું દાન બંધ થઈ ગયું. દૂર-દૂરથી આવનારા યાચકો નિરાશ થઇને પાછા ફરવા લાગ્યા.

० ० ०

અવંતી નગરીમાં ઘણા ધનવાન શેઠ-શાહુકાર નિવાસ કરતા હતા. અવંતીમાં બત્રીસ કરોડ સ્વર્ણ-સંપત્તિનો સ્વામી શ્રીપતિ નામનો એક કરોડપતિ શેઠ રહેતો હતો.

શ્રીપતિની શેઠાણીએ શુભ મુહૂર્તમાં એક પુત્ર-રત્નને જન્મ આપ્યો. આ પુત્રે જન્મ લેતાં જ એક ચમત્કાર બતાવ્યો. તે એ કે નવા જન્મેલા બાળકની જેમ રુદન ન કરતાં મોટી ઉંમરના માણસની જેમ તે પોતાના પિતા શ્રીપતિ શેઠને કહેવા લાગ્યો-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" पिताजी ! राजराजेन्द्र महाराज" विक्रमादित्यने तरत ज बोलावडावो. तेमना पर बहु मोटुं संकट आवे तेम छे.'

नवजात पुत्रनी आवी अद्‌भुत वाणी सांभळीने श्रीपति शेठ पहेलां तो खूब गभराया. पछी स्वस्थ चित्त थतां ते राजा पासे गया अने बधो वृत्तान्त संभळावीने पोतानी साथे लई आव्या. श्रीपतिना नवा जन्मेला पुत्रे राजाने कह्युं-

राजन् ! शास्त्र वचनमां अविश्वास करवो ए भयंकर पाप छे. कारण के जे ऋषिओए शास्त्रनी रचना करी छे, तेओ द्रष्टा हता. तेमणे जे कंइ लख्युं छे, ते जोईने तथा अनुभवीने लख्युं छे.

दाननी बाबतमां शास्त्रोमां जे महिमा गावामां आव्यो छे, तेमां शंका करवी ते आसोपालवमां फूल शोधवा समान हास्यास्पद छे.

राजन् ! आप पहेलेथी दान करता आव्या छो, तेने तमे शा माटे बंध करी दीधुं ? आप दान आपवानुं फरीथी शरू करी दो.

बाळकनी वाणी सांभळीने राजाए कह्युं-

'हे बाळक ! में तो प्रत्यक्ष जोयुं छे के मने जीवन-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાન આપનાર ભીલ દંપતીને એક સિંહે કારણ વિના જ મારી નાખ્યો. તેથી હું કેવી રીતે વિશ્વાસ કરું કે દાનનું ફળ મહાન છે ?'

શ્રેષ્ઠિપુત્રે કહ્યું-

'રાજન્ ! હું જ તે ભીલ છું, જેણે તમને અન્નદાન આપ્યું હતું. થોડા સરખા અન્નદાનનું જ આ ફળ છે કે મારો જન્મ કરોડપતિ શેઠને ઘેર થયો છે.

'રાજન્ ! આ દાનના પ્રભાવથી જ પૂર્વ જન્મની મારી પત્ની ભીલડીએ અવંતીના દાન્તા શેઠને ઘેર જન્મ લીધો છે. મોટી થઇને તે મારી પત્ની બનશે.'

'રાજન મને બોલતો જોઇને તમે સહેજ પણ નવાઇ ન પામશો. કારણ કે દેવી પદ્માવતી જ તમને આ બધું રહસ્ય જણાવી રહી છે.'

તે પછી નવજાત બાળકમાં રહેલી દેવી પદ્માવતી ચાલી ગઇ અને બાળક સ્વાભાવિક રીતે રુદન કરવા લાગ્યો.

રાજા આ રહસ્યના સ્પષ્ટીકરણથી અત્યંત પ્રસન્ન અને સંતુષ્ટ થયો. રાજાએ શેઠ શ્રીપતિને પાંચસો ગામ પુત્ર જન્મની વધાઇમાં આપ્યાં અને પહેલાંની જેમ જ મુકત હાથે દાન કરવા લાગ્યો.

૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૪૧
# વિચારીને કામ કરવું

રાજા વિક્રમાદિત્ય એક એવા દેશમાં પહોંચ્યા, જ્યાં ત્રિયારાજ્ય હતું. આ રાજ્યમાં સ્ત્રીઓનું કામ પુરુષ કરતા હતા અને સ્ત્રીઓ તેમના પર શાસન કરતી હતી.

અહીંના બધા પુરૂષો સ્ત્રીઓ સમક્ષ બિલાડી બની જતા હતા. પરંતુ રાજા વિક્રમાદિત્યના શૌર્યભર્યા પુરુષાર્થ સમક્ષ સ્ત્રી રાજ્યની રાણી પ્રભાવિત થઈ અને રાજાની ભક્તિ કરીને ત્રિયારાજ્યની રાણીએ રાજા વિક્રમાદિત્યને દિવ્ય પ્રભાવવાળાં નિમ્નલિખિત ચૌદ રત્ન આપ્યાં–

પહેલું રત્ન સ્તંભ નિર્માણ કરનારું હતું. બીજાના પ્રભાવથી લક્ષ્મી આવતી હતી. ત્રીજાથી પાણી, ચોથાથી વાહનની પ્રાપ્તિ, પાંચમાથી અસ્ત્ર-શસ્ત્રથી સલામતી, છઠ્ઠાથી નર-નારી વશ થાય અને સાતમા રત્નના પ્રભાવથી ઇચ્છિત ભોજન મળતું હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આઠમા રત્નના પ્રભાવથી કુટુંબ, ધન-ધાન્યની વૃદ્ધિ નવમાથી સમુદ્ર પાર થવું, દસમાથી વિદ્યા પ્રાપ્તિ, અગિયારમાથી ભૂત-પ્રેતાદિના પ્રભાવનો નાશ અને બારમા રત્નથી સર્પાદિના ઝેરનો ભય દૂર થતો હતો.

તેરમું રત્ન લશ્કર તૈયાર કરતું હતું અને ચૌદમા રત્નથી આકાશગમનની શકિત મળતી હતી.

આ રત્નોને મેળવીને રાજા વિક્રમાદિત્ય અવંતી પાછા આવ્યા અને બધાં રત્નોના પ્રભાવની પરીક્ષા કરી જોઇ.

રાજા વિક્રમાદિત્યના રાતના સમયના ચાર અંગરક્ષક હતા, જેમનાં નામ ક્રમશઃ શતમતિ, સહસ્રમતિ લક્ષમતિ અને કોટિમતિ હતા.

ચારે સ્વામીભકત, બુદ્ધિના ભંડાર અને રાજા માટે પ્રાણોત્સર્ગ કરે તેવા સાહસિક હતા. તેઓ વારાફરતી રાતના ચારે પ્રહરમાં રાજાના રક્ષણ માટે ખડે પગે રહેતા હતા.

એક વખત રાજા વિક્રમાદિત્ય પોતાના શયનખંડમાં સૂતા હતા. તેમની પાસે જ તેમની રાણી બીજી પથારીમા સૂઈ ગઈ હતી.

રાતના પ્રથમ પ્રહરમાં અંગરક્ષક શતમતિ પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરજ પર હતો. તે જ વખતે રાજાએ કોઈ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળ્યો. રાજા વિક્રમાદિત્યે અંગરક્ષક શતમતિને કહ્યું-

'શતમતિ ! જઇને જુઓ, આ કઈ સ્ત્રી રડી રહી છે. મારા રાજ્યમાં કોઇ રડવું જોઇએ નહીં. મારા પ્રાણ આપીને પણ હું પ્રજાનાં કષ્ટને દૂર કરીને તેને સુખી અને પ્રસન્ન કરવા માગું છું. આ રડતી સ્ત્રીના દુઃખનું કારણ પૂછી આવો.'

શતમતિએ કહ્યું-

'સ્વામી ! આપને એકલા મૂકીને કેવી રીતે જઉં ? જેમ રાજાના હજારો મિત્રો અને શુભચિંતકો હોય છે, તેમ સેંકડો દુશ્મનો અને તકની રાહ જોનારા દુષ્ટો પણ હોય છે.'

રાજાએ કહ્યું-

'શતમતિ ! તમે મારી ચિંતા કરશો નહીં. તમે પાછા ફરશો ત્યાં સુધી હું જાગતો રહીશ. કારણ કે જેમ મહેનતુ માણસને ગરીબી સતાવતી નથી, જાપ કરતા રહેવાથી પાપ નથી લાગતું અને એ જ પ્રમાણે જાગતા રહેનારને કોઇ ડર રહેતો નથી.'

રાજાની આજ્ઞા મેળવીને શતમતિ રુદનના અવાજનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પીછો કરતો નગરની બહાર પહોંચી ગયો. ત્યાં એકાન્તમાં બેસીને એક સ્ત્રી રડી રહી હતી. શતમતિએ તે સ્ત્રીને પૂછ્યું-

'કલ્યાણી ! તમે શા માટે રડો છો ? પ્રજાવત્સલ રાજા વિક્રમ તમારા દુઃખે દુઃખી છે. તમે તમારૂં દુઃખ મને જણાવો. હું તે દૂર કરીશ.'

શતમતિની દિલાસાથી ભરેલી વાણી સાંભળીને તે સ્ત્રીએ કહ્યું-

'હે ભદ્ર ! હું રાજલક્ષ્મી છું. રાજા પર આવનારાં સમસ્ત વિઘ્નોને હું દૂર કરૂં છું. પણ આજે રાજા પર એવું વિઘ્ન આવવાનું છે, જેને દૂર કરવાની શક્તિ મારામાં નથી.'

શતમતિના પૂછવાથી તે દેવીએ ફરીને જણાવ્યું-

'શતમતિ ! જ્યાં રાજા સૂઇ રહે છે, ત્યાં છત ઉપરથી એક કાળો ભયંકર સાપ આવશે, જે આજે રાત્રે જ રાજાને ડંખ મારશે અને રાજાનું મૃત્યુ થઇ જશે, જો તમારામાં હિંમત હોય તો રાજાનું રક્ષણ થઈ શકે.'

શતમતિએ દિલાસો આપ્યો-

'દેવી ! તમે નિશ્ચિંત રહો. હું એ સાપને જરૂર મારીશ અને રાજાને બચાવીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શતમતિ પાસેથી દિલાસો મેળવીને રાજલક્ષ્મી ચાલી ગઈ અને શતમતિ રાજાને જણાવ્યા વિના જ ગુપ્ત રીતે રાજાના મસ્તક આગળ બેસી ગયો.

શતમતિની રાહ જોતાં-જોતાં રાજાની આંખ પણ મળી ગઇ. યથાસમય છત ઉપરથી એક કાળો સાપ નીકળ્યો. શતમતિએ એ સાપના ચાર ટુકડા કરી નાખ્યા અને એક ઘડામાં બંધ કરી દીધા.

દિવાલ પર સરકતા સાપને મારતી વખતે તેના ઝેર મિશ્રિત લોહીના છાંટા રાણીની છાતી પર પડયા. ઝેરની અસરની આશંકાથી શતમતિએ રાણીની છાતી પર પડેલા લોહીના છાંટા પોતાના રૂમાલથી લૂછી કાઢયા.

તે જ વખતે અચાનક રાજાની આંખ ખૂલી ગઈ અને તેણે શતમતિને રાણીની છાતી પર હાથ ફેરવતાં જોયો. આ દૃશ્ય જોઈને રાજાનું લોહી ઉકળી ઉઠયું-

'અરે ! આ દુષ્ટની આટલી હિંમત કે મારી રાણીનાં સુકોમળ અંગને સ્પર્શી રહ્યો છે.'

ગુસ્સે ભરાયેલા રાજાએ શતમતિને મારવા માટે તલવાર ઉઠાવી. પરંતુ અચાનક જ તેનો હાથ અટકી ગયો. તેણે વિચાર્યું-

'આને હું મારા હાથે નહીં મારું. બીજા કોઈની પાસે મરાવીશ.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાએ પોતાના મનની લાગણી છુપાવી દીધી અને શતમતિને કહ્યું–

'શતમતિ ! તમે આવી ગયા ? તે સ્ત્રી શા માટે રડી રહી હતી ?'

શતમતિએ રાજાને બીજી-ત્રીજી વાત જણાવીને શાન્ત કરી દીધો. રાજાએ ફરીથી કહ્યું–

'શતમતિ ! તમારો પ્રહર પૂરો થવા આવ્યો છે. હવે તમે ઘેર જાઓ. સહસ્રમતિ તેની ફરજ પર આવી રહ્યો હશે.'

રાજા પાસેથી વિદાય લઇને શતમતિ પોતાને ઘેર ચાલ્યો ગયો અને રાજાની પ્રાણરક્ષાના આનંદમાં પોતાને ઘેર નૃત્ય-ગાયનનો ઉત્સવ કરવા લાગ્યો.

આ તરફ સહસ્રમતિ પોતાની ફરજ પર હાજર થયો એટલે રાજાએ તેને કહ્યું–

'સહસ્રમતિ ! તમે શતમતિને ઘેર જાઓ અને તેનો વધ કરી નાખો.'

આ કઠોર આજ્ઞા સાંભળીને સહસ્રમતિ સ્તબ્ધ બની ગયો અને રાજાને કહ્યું–

'રાજન્ ! તમને એકલા મૂકીને હું કેવી રીતે જઈ શકું ? શતમતિના વધનું કામ તો સવારે પણ થઈ શકે. રાતના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમયે તમને અસુરક્ષિત છોડી શકું નહીં.'

રાજાએ કહ્યું-

'સહસ્રમતિ ! હું જાગું છું. યાદ રાખો. જેમ વાંચન કરવાથી મૂર્ખતાનો નાશ થાય છે અને જેમ મૌન રહેવાથી ઝગડાનો અંત આવે છે, તેવી રીતે જાગવાથી ભયનો નાશ થાય છે.

'તેથી તમે મારી ચિંતા કરવાનું છોડી દો અને તરત જ શતમતિનો વધ કરો. તે મારો અપરાધી છે.'

રાજાની આજ્ઞાથી લાચાર બનેલો સહસ્રમતિ શતમતિના ઘેર પહોંચ્યો. ત્યાં શતમતિ રાગ-રંગમાં મસ્ત હતો.

સહસ્રમતિ ત્યાં પહોંચ્યો એટલે શતમતિએ તેનું સહૃદયતાપૂર્ણ સ્વાગત કર્યું અને પ્રેમભાવથી આસન આપ્યું.

તેના આવા આત્મીયતાપૂર્ણ વ્યવહારને જોઈને સહસ્રમતિ વિચાર કરવા લાગ્યો-

'ખબર નહીં, રાજા આને શા માટે મારી નંખાવવા માગે છે ? મને તો આ ખૂબ સરળ, આત્મીય અને ઉદાર લાગે છે. તેનો વધ કરવાથી તો મહા અનર્થ થશે.'

સહસ્રમતિ મૌન રહીને શતમતિની બાબતમાં વિચાર કરી રહ્યો હતો ત્યાં જ એકદમ ચમકીને શતમતિએ તેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પૂછયું-

'સહસ્રમતિ ! રાજાના રક્ષણનું કામ છોડીને તમે અહીં શા માટે આવ્યા ? રાજાના અનેક દુશ્મનો છે. તેમને એકલા છોડી શકાય નહીં. મારી ફરજ દરામયાન તેમના પર એક મહાન સંકટ આવ્યું હતું, જે દૈવકૃપાથી ટળી ગયું. હવે તમે ઝડપથી જાઓ.'

શતમતિનું આ કથન સાંભળીને સહસ્રમતિએ કોઇ જવાબ આપ્યો નહીં અને વિચારવા લાગ્યો-

'આ શતમતિ તો નિઃશંક રાજભકત અને રાજાનો શુભચિંતક છે. જો કે તેનો પહેરો પૂરો થઇ ગયો છે, છતાં પણ તેને રાજાની ચિંતા છે. ગમે તેમ થાય, પણ હું એને મારીશ નહીં.'

આવો વિચાર કર્યા પછી સહસ્રમતિએ શતમતિના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું-

'શતમતિ ! સંગીતનો અવાજ સાંભળીને હું તમારા ઘર તરફ આકર્ષાઈને ચાલ્યો આવ્યો હતો. હવે રાજાની પાસે જ જઈ રહ્યો છું.'

આમ કહીને સહસ્રમતિ રાજાની પાસે આવી ગયો. રાજાએ જ્યારે આ જાણ્યું કે સહસ્રમતિ શતમતિનો વધ કર્યા વિના જ પાછો આવી ગયો છે, ત્યારે તેઓ ગુસ્સે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઇને બોલ્યા-

'સહસ્રમતિ ! તું પણ શતમતિની જેમ જ દુષ્ટ હૃદયનો છે. લાગે છે કે, તમે બંને મળેલા છો. તેથી જ તેં એનો વધ નથી કર્યો.'

રાજાને દુઃખી અને ગુસ્સે થયેલા જોઈને સહસ્રમતિએ કહ્યું-

'રાજન્ ! આવાં કાર્યોમાં ઉતાવળ કરવાથી પાછળથી પસ્તાવું પડે છે. તેથી તમે પૂરતો વિચાર કર્યા પછીથી જ પગલું ભરજો. કયાંક એવું ના બને કે પાછળથી તમારે પસ્તાવું પડે.'

આ પ્રકારની વાતોમાં બીજો પ્રહર પસાર થઇ ગયો અને ત્રીજા પ્રહરમાં લક્ષમતિ પોતાની ફરજ પર હાજર થઈ ગયો.

રાજાએ લક્ષમતિને પણ શતમતિના વધનું કામ સોંપ્યું. રાજાની આ અણધારી આજ્ઞા સાંભળીને લક્ષમતિએ વિચાર કર્યો-

'રાજાને જરૂર કંઈક ભ્રમ થઈ ગયો લાગે છે. શતમતિ જેવો સ્વામીભકત અને બુદ્ધિમાન શું એવો અપરાધ કરી શકે ખરો, કે જેનાથી તેને મોતની સજા કરવી પડે ?'

પ્રગટ રીતે લક્ષમતિએ રાજાએ કહ્યું-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન્ ! તમારી આજ્ઞાનું પાલન તો હું કરીશ જ, પણ આ કાર્યમાં ઉતાવળ કરવાથી પસ્તાવાની શક્યતા છે. ગરીબી, રોગ વિગેરે બધાનો ઉપચાર છે. પણ વગર વિચાર કરેલા કાર્યથી જે પસ્તાવો થાય છે, તેને દૂર કરવાનો કોઇ ઉપાય નથી.

'હે રાજન્ ! વગર વિચારે કરેલા કામના પરિણામ વાળી એક નાની સરખી કથા હું તમને સંભળાવી રહ્યો છું. તે સાંભળ્યા બાદ પણ તમે આજ્ઞા આપશો તો હું તેના પર વિચાર કરીશ.'

લક્ષમતિ રાજા વિક્રમાદિત્યને એક વાત સંભળાવવા લાગ્યો–

લક્ષ્મીપુર નામના નગરમાં ભીમ નામનો એક શેઠ રહેતો હતો. વેપારની કળામાં નિપુણ સુંદર નામનો ભીમ શેઠને એક પુત્ર હતો.

એક વખત આ શેઠનો પુત્ર સુંદર પોતાના જ નગરના ધન નામના શેઠ સાથે વેપાર કરવા માટે ગયો. બંને રમાપુર નામના નગરમાં ગયા અને ખૂબ ધન કમાયા.

ધન કમાઈને જ્યારે ધન શેઠ લક્ષ્મીપુર તરફ પાછા ફરવા લાગ્યા ત્યારે શેઠ-પુત્ર સુંદરે તેને એક કરોડની કિંમતનું એક રત્ન આપીને તેને કહ્યું–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'મારા પિતાજી ભીમ શેઠને મારા પ્રણામ કહેજો અને તેમને આ રત્ન આપજો. હું થોડા સમય પછી વધારે ધન કમાઈને આવીશ.'

ધન શેઠ યથાસમય લક્ષ્મીપુર આવ્યો. અને ભીમ શેઠને તેના પુત્ર સુંદરના બધા સમાચાર આપ્યા, પણ પેલું રત્ન આપ્યું નહીં

પછીથી જ્યારે સુંદર પોતાના નગરમાં પાછો ફર્યો ત્યારે તેને ધન શેઠની અપ્રામાણિકતાની ખબર પડી. સુંદરે રાજાને ફરિયાદ કરી.

આ તરફ ધન શેઠે શ્રીધર નામના એક બ્રાહ્મણને થોડી સોનામહોરો આપીને પોતાની તરફેણનો સાક્ષી કરી દીધો.

રાજાએ ધન શેઠને પૂછ્યું-

'તમે સુંદરનું આપેલું રત્ન તેના પિતા ભીમ શેઠને શા માટે આપ્યું નહીં ?'

ધન શેઠે કહ્યું-

'રાજન્ ! મેં તો રમાપુરથી પાછા ફરીને તરત જ એક કરોડની કિંમતનું રત્ન સુંદરના પિતા ભીમ શેઠને આપી દીધું હતું. એ જૂઠું બોલે છે.'

'તમે કોની સાક્ષીમાં રત્ન આપ્યું હતું ?'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધન શેઠે જણાવ્યું-

'મેં શ્રીધર બ્રાહ્મણની હાજરીમાં ભીમ શેઠને રત્ન આપ્યું હતું.'

શ્રીધર બ્રાહ્મણે પણ સાક્ષી આપી-

'અન્નદાતા ! ધન શેઠે મારી હાજરીમાં જ સુંદરનું આપેલું રત્ન તેના પિતા ભીમ શેઠને આપ્યું હતું.'

રાજા વિચારમાં પડી ગયા. તે જ વખતે મહામંત્રી મતિસાગરે શ્રીધર બ્રાહ્મણને પૂછ્યું-

'શ્રીધર ! તમારી હાજરીમાં જે રત્ન આપવામાં આવ્યું હતું તે કેટલું મોટું હતું ?'

શ્રીધર બ્રાહ્મણે વિચાર્યું-

'એક કરોડની કિંમતનું રત્ન ઓછામાં ઓછું એક ઘડા જેવડું તો હશે જ.'

'મંત્રીશ્વર ! એ રત્ન એક મોટા ઘડા જેવડું હતું.'

આ જવાબ સાંભળીને દરબારીઓ હસી પડયા. ધન શેઠનો ચહેરો પણ ઉદાસ થઇ ગયો. જૂઠી સાક્ષીનો ભંડો ફૂટી ગયો.

છેવટે, ધન શેઠને ઘારકું ધન અપહરણ કરવાના ગુના અંગે સજા કરવામાં આવી અને જૂઠી સાક્ષી આપવાના અપરાધ અંગે બ્રાહ્મણ શ્રીધરને પણ સજા કરવામાં આવી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભીમ શેઠનું રત્ન તેને મળી ગયું.

આ વાર્તા પૂરી થતાં જ લક્ષમતિનો સમય પૂરો થઇ ગયો અને રાજાને પ્રણામ કરીને તે પોતાને ઘેર ચાલ્યો. રાજાએ વિચાર્યું-

'લક્ષમતિ પણ શતમતિ જેવો જ દુષ્ટ બુદ્ધિ છે. હવે મારું કામ કોટિમતિ જ કરશે.'

રાતના ચોથા પ્રહરમાં કોટિમતિ રાજાની સેવામાં આવ્યો. રાજાએ કોટિમતિને પણ એ જ આદેશ આપ્યો-

'જઈને શતમતિનો વધ કરો. તેને પૂરો કર્યા વિના મને શાન્તિ મળશે નહીં.'

રાજાની આજ્ઞા સાંભળીને કોટિમતિએ વિચાર કર્યો-

'ગુણોના ભંડાર પરોપકારી શતમતિને મારવાનું કોઇ કારણ હોઇ શકે નહીં, જરૂર રાજાને બુદ્ધિભ્રમ થઈ ગયો લાગે છે.'

આવો વિચાર કરીને કોટિમતિએ રાજાને કહ્યું-

'રાજન્ ! પહેલાં એક વાત સાંભળો. પછીથી જ હું આપની આજ્ઞાનું પાલન કરવા તત્પર બનીશ.'

કોટિમતિ વાર્તા કહેવા લાગ્યો-

લક્ષ્મીપુર નામના નગરમાં કેશવ નામનો એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. પત્નીની વારંવારની ટકોરાથી તે પર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પર દેશમાં ધન કમાવા માટે ગયો, પણ નસીબે તેને સાથ સાથ આપ્યો નહીં. તે નિર્ધનનો નિર્ધન જ રહ્યો.

છેવટે, તે એક દેવીના મંદિરમાં પહોંચ્યો. તેણે ત્રણ દિવસ સુધી દેવીની ભકિત કરી. છતાં પણ દેવી પ્રસન્ન થઈ નહીં. એટલે કેશવે એક મોટો પથ્થર ઉઠાવીને કહ્યું-

'હે દેવી! આ પથ્થરથી હું તારી મૂર્તિ તોડી નાખીશ. ત્રણ દિવસથી તારું હૃદય કેમ પિગળતું નથી?'

મૂર્તિ તૂટી જવાના ડરના કારણે દેવી પ્રગટ થઈ અને બોલી-

'ભકત કેશવ! હું તારી ઈચ્છા જાણું છું. પણ તારા નસીબમાં ધન નથી. કદાચ હું તને ધન આપીશ તો પણ તે તારી પાસે રહેવાનું નથી.'

કેશવે અત્યંત આગ્રહ કર્યો એટલે દેવીએ બે કરોડની કિંમતનું એક રત્ન તેને આપ્યું. રત્ન પ્રાપ્ત કરીને કેશવ ખૂબ ખુશ થયો અને વહાણમાં બેસીને પોતાના નગર તરફ જવા લાગ્યો.

પૂનમની રાત હતી. કેશવ પોતાના હાથમાં રત્ન લઇને જોઇ રહ્યો હતો કે ચંદ્રમાનો પ્રકાશ વધુ છે કે મારું રત્ન વધુ કાન્તિમાન છે.

ઉલટાવી-સુલટાવીને તે રત્નનું તેજ અને ચંદ્રના તેજની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સરખામણી કરી રહ્યો હતો. તે જ વખતે અચાનક રત્ન તેના હાથમાંથી છૂટી ગયું અને રત્નાકરમાં સમાઈ ગયું.

કોટિમતિએ કહ્યું-

'રાજન્ ! હું તો હવે ઘેર જાઉં છું. તમે મંત્રીઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી જ પગલું ભરજો, કારણ કે શતમતિ વધને યોગ્ય નથી.'

આમ કહીને કોટિમતિ ચાલ્યો ગયો અને રાજા વિક્રમાદિત્યે શતમતિ, સહસ્રમતિ, લક્ષમતિ અને કોટિમતિ-ચારે અંગરક્ષકોના વધનો નિશ્ચય કરી નાખ્યો.

સૌથી પહેલાં તો તેઓ શતમતિને જ મારી નંખાવવા માગતા હતા. તેથી સવારે ઊઠીને તરત જ રક્ષક દળના પ્રમુખ (કોટવાળ)ને આજ્ઞા આપી કે શતમતિને ફાંસીએ ચડાવી દો.

રક્ષક દળનો વડો શતમતિને પકડીને લઈ ગયો. શતમતિએ કોટવાલને કહ્યું—

'હે કોટવાલ! ફાંસીએ ચડતા પહેલાં હું મારો અપરાધ જાણવા માગું છું.'

કોટવાલે કહ્યું—

'શતમતિ ! અપરાધ બાબતમાં તો રાજા જ જણાવી શકે. હું તો તેમની આજ્ઞાનું પાલન જ કરી રહ્યો છું.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તો પછી એકાદ ક્ષણ માટે મને રાજાની પાસે લઇ ચાલો.'

શતમતિની વિનંતીનો સ્વીકાર કરી કોટવાલ તેને રાજા પાસે લઈ આવ્યો. શતમતિ રાજાને લઇને તેમના શયનખંડમાં આવ્યો અને ઘડામાં રાખેલા ચાર ટુકડા કરેલો સાપ તેમને બતાવીને આદિથી અંત સુધીનો સમગ્ર વૃત્તાન્ત સંભળાવ્યો.

રાજા વિક્રમાદિત્યે શતમતિને છાતી સરસો ચાંપી દીધો. તેઓ એટલા પસ્તાયા અને એટલા અધિક ખુશ થયા કે કંઈ પણ બોલી શકયા નહીં.

અંતમાં, તેમણે ઘણાં ગામ આપીને શતમતિનું સંમાન કર્યું અને બાકીના ત્રણે અંગરક્ષકોને પણ ભરપૂર પુરસ્કાર આપીને તેમનું ગૌરવ વધાર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ૪૨

# સમયની સૂઝ

એક વખત મહારાજ વિક્રમાદિત્ય ફરવા માટે નીકળ્યા અને ચાલતા-ચાલતા એક પર્વતીય વન-પ્રદેશમાં પહોંચી ગયા. ત્યાં તેમણે એક મુનિને કાયોત્સર્ગમાં મગ્ન જોયા.

રાજાએ મનમાં ને મનમાં મુનિને ભાવ-વંદના કરી અને તેમની સામે બેસી ગયા. રાજા વિચારવા લાગ્યા—

'આ મુનિ ઉનાળાના આ તાપમાં ધ્યાનસ્થ છે. તપથી તેમનું કપાળ ચમકી રહ્યું છે. જે સાધુ ગરમીની ઋતુમાં તાપ સહન કરી લે છે, શિયાળાની ઋતુમાં નિર્વસ્ત્ર રહે છે અને વરસાદના દિવસોમાં અંગોને સંકુચિત કરે છે, તેઓ જ સંયમથી સુશોભિત મહાન સાધુ અથવા તપસ્વી શ્રમણ છે.'

જ્ઞાની મુનિએ કાયોત્સર્ગ પૂર્ણ કરીને પોતાની સામે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેઠેલા રાજા વિક્રમાદિત્યને તેનું નામ દઇને 'ધર્મલાભ' કહ્યો.

રાજાને નવાઈ લાગી કે આ સાધુને મારા નામની ખબર કેવી રીતે પડી ? જ્ઞાનમાં પ્રકાશના ગૃહ્ય અને અદૃશ્ય પણ સ્પષ્ટ થઈ જાય છે.

મુનિએ રાજાને ધર્મનો ઉપદેશ આપ્યો ને તેમની શંકાઓનું સમાધાન કરીને તેમને સંતુષ્ટ કર્યા. તે પછી રાજાએ મુનિને કહ્યું—

'ભગવાન્ ! મને કોઇ એક અપૂર્વ વિદ્યા આપો.'

જ્ઞાની મુનિએ રાજાની મનોકામના પૂર્ણ કરી.

સ્ત્રી ચરિત્ર જાણવાની ઈચ્છાવાળા રાજા ત્યાંથી આગળ વધ્યા ચ : લક્ષ્મીપુર નામના કોઈ નગ । । ।.

ત્ય તેઓ એક જુગારીના મહેમાન બન્યા. જુગારી દ્યૂત-ક્રી: માં મગ્ન હતો. તેણે પોતાના નોકરને ઘેર મોકલીને પોતાની પત્નીને કહેવડાવ્યું કે એક મહેમાન માટે પણ ભોજન બનાવે.

જુગારીની સ્ત્રીએ જ્યારે ભોજન બનાવીને તૈયાર કર્યું તો ઘરની પાસે બેઠેલ પોતાના પતિ અને અતિથિ વિક્રમાદિત્યને ભોજન માટે બોલાવ્યા.

ભોજનનું આમંત્રણ આપતાં યજમાન જુગારીએ મહેમાન રાજા વિક્રમાદિત્યને કહ્યું—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'તમે પહેલાં ભોજન કરી લો. હું તો બાજી પૂરી કરીને જ ઊઠીશ.'

રાજા વિક્રમાદિત્ય જુગારીની પત્ની પાસે જઇને ભોજન કરવા લાગ્યો. રાજાના રુપ-સૌંદર્ય અને તંદુરસ્તીને જોઈને જુગારીની પત્ની કામબાણથી ઘાયલ થઈ ગઇ. તેની કામ-ચેષ્ટાઓને ધ્યાનમાં રાખીને રાજાએ તેને કહ્યું—

'સુભગે ! વિકારો પર સંયમ રાખો. પર-પુરુષને ભ્રાતા, પિતા અથવા પુત્રની નજરે જોવો જોઈએ.'

રાજાનાં વચનને ધ્યાનમાં રાખીને તે સ્ત્રીએ વિચાર કર્યો—

'આ પુરૂષ મારા મનના ભાવ તો જાણી જ ગયો છે. પણ આ મારી ઈચ્છા કદાપિ પૂર્ણ કરશે નહીં અને બહાર જઈને મારી બદનામી કરશે તે જુદું. તેથી તેને મજા ચખા-ડવી જોઇએ.'

આવો વિચાર કરીને જુગારીની સ્ત્રી બૂમો પાડવા લાગી :

'બચાવો, મને બચાવો. જુઓ, આ પરદેશીએ શું કરી નાખ્યું ?'

જુગારીએ પોતાની પત્નીના શબ્દો સાંભળ્યા તો વિચાર્યું :

'આ મહેમાને જરૂર મારી પત્ની સાથે છેડછાડ કરી હશે.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આમ વિચારીને ગુસ્સે થયેલો જુગારી તલવાર લઇને પોતાના ઘર તરફ દોડયો.

આ તરફ રાજાએ વિચાર્યું-

'હવે તો કારણ વિના જ મારી બદનામી અને ફજેતી પણ થઈ જશે.'

તેણે તરત જ પેંતરો બદલીને પેલી સ્ત્રીને કહ્યું-

'ભદ્ર! વાતને બદલો. હું તો આમ જ તમારી પરીક્ષા લઈ રહ્યો હતો.'

સ્ત્રી પણ છિનાળ હતી. તેણે વિચાર્યું-

'કોઈ એવી યુકિતથી આને બચાવવો જોઇએ કે મારાં વચન પણ જૂઠાં ના પડે અને તેના પ્રાણ પણ બચી જાય.'

આમ વિચારીને ચતુર સ્ત્રીએ ચૂલામાંથી સળગતું લાકડું કાઢયું અને ઝુંપડીના છાપરામાં આગ ચાંપી દીધી.

આગ વધુ પ્રમાણમાં ફેલાય તે પહેલાં રાજા વિક્રમાદિત્યે તેને હોલવી કાઢી. ઘરમાં આવતાં જ જુગારીએ પોતાની પત્નીને પૂછ્યું-

'શું થયું? તને આ પરદેશીએ શું કહ્યું?'

સ્ત્રી બોલી-

'જોતા નથી, આ છાપરું કેટલું બળી ગયું! આ બિચારા પરદેશીએ આગ ના હોલવી હોત તો આખું ઘર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ સળગી જાત અને હું પણ બચત નહીં.'

રાજાએ સંતોષનો શ્વાસ લીધો અને પોતાના ભાગ્યને ધન્યવાદ આપતા અવંતી આવી ગયા. સ્ત્રી-ચરિત્ર કેટલું અગમ્ય છે, એ જાણીને રાજાને રહી-રહીને નવાઈ લાગતી હતી.

જયારે જેવો પ્રસંગ હોય, ત્યારે તેવો જ માર્ગ કાઢી લેવાનું ફકત સ્ત્રી જ જાણે છે.

o o o

એક વખત રાજા વિક્રમાદિત્ય પોતાના રાજદરબારમાં બેઠા હતા. તે જ વખતે બે વિદ્વાન પંડિતો તેમના દરબારમાં આવ્યા.

ગુણીજનોને આદર કરનાર રાજા વિક્રમાદિત્યે બંને પંડિતોને આસન આપ્યું અને કંઈક સંભળાવવા માટે કહ્યું.

પહેલા પંડિતે દેવવાણી સંસ્કૃતમાં નીચે પ્રમાણે શ્લોક સંભળાવ્યો-

મરુત્તટિન્યા : કિલ બાલુકાનાં.
સરિત્પતેર્વારિ પૃષ્યન્મણીનામ્ ।
નભસ્ચુડૂનાં ચ શરીરિણાં ચ,
વિજ્ઞાયતે નૈવ બુધેન સંખ્યા ।।

એટલે કે આકાશગંગા અથવા મારવાડની નદીની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રેતી, સમુદ્રમાં રહેલાં જળબિંદુ, મોતી, મણિ, આકાશના તારા તથા સંસારનાં પ્રાણી–આ બધાની ગણના મોટા–મોટા પંડિતો પણ કરી શકતા નથી.

આ શ્લોકથી પ્રસન્ન થઇને રાજાએ પંડિતને યથેષ્ટ પુરસ્કાર આપીને સંમાનિત કર્યો. તે પછી બીજા પંડિતે એક કવિતાનું વાચન કર્યું—

કાર્ય અસંભવ ઔર કઠિન સબ,
જાને પંડિત સોઈ ।
પરમ અસંભવ નારી કી ગતિ,
પાર ન પાવૈ કોઈ ।।

બીજા પંડિતની આ કાવ્યોકિત પર રાજા વિક્રમાદિત્ય અત્યધિક પ્રસન્ન થયા અને તેને કહ્યું—

'હે પંડિત! તમારા આ કથન સાથે હું પણ સંમત છું. મેં પણ મારા અનુભવથી જાણ્યું છે કે નારી–ચરિત્ર પૂરેપૂરું અગમ્ય છે.'

તે પછી રાજાએ બીજા પંડિતને પણ ભરપૂર દાન આપીને સંતુષ્ટ કર્યો.

★

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

४3

# મત્સ્ય હાસ્યનું રહસ્ય

[નારી ચરિત્ર]

એક કહેવત છે- નવી નવ દિવસ અને જૂની સો દિવસ. નવી વસ્તુ થોડાક જ દિવસ નવી રહે છે અને પછી જૂની થઇ જાય છે. તેથી નવી વસ્તુના આકર્ષણમાં પડીને વસ્તુનો તિરસ્કાર કરવો જોઇએ નહીં.

આ તથ્યને જાણુતા હોવા છતાં પણુ રાજા વિક્રમાદિત્ય બધી રાણીઓથી ઉદાસીન બનીને નવી રાણી પદ્માવતીમાં જ મગ્ન રહેવા લાગ્યા.

તેમના આ આચરણથી બધી રાણીઓ ખૂબ દુઃખી રહેવા લાગી. પટરાણી કમલાવતી, વિદ્યાધર પુત્રી કલાવતી, વિક્રમચરિત્રની માતા સુકોમલા, દેવદમની, શૃંગારસુંદરી, મદનમંજરી, સુરસુંદરી, હરિતાલી આદિ બધી રાણીઓએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળીને રાજા વિક્રમાદિત્યને ફરિયાદ કરી–

'પ્રાણવલ્લભ ! અત્યાર સુધી તમારો અમારા બધા પર સરખો પ્રેમ હતો. પણ હવે તમે અમને બધાને ભૂલી ગયા છો અને નવી રાણી પદ્માવતીમાં જ આસકત રહો છો. અમારા પ્રેમ અને સેવામાં શી ખોટ છે ?'

રાજા વિક્રમાદિત્યે કહ્યું–

'રાણીઓ ! હું અંતરનો પ્રેમ જાણીને જ પ્રેમ કરું છું. રાણી પદ્માવતી મને હાર્દિક પ્રેમ કરે છે અને તમારો બધાનો પ્રેમ બનાવટી છે.'

રાજાનું આ કથન સાંભળીને રાણી દેવ દમનીએ કહ્યું–

'સ્વામી ! નારીનો પ્રેમ કેટલો સાચો અને કેટલો નાટકીય હોય છે, તેને કોઈ જાણતું નથી. કોઈ-કોઇ નારી એવી પતિવ્રતા બને છે કે દૂધીને દૂધા નથી કહી શકતી.

'એવી સ્ત્રીઓને પુલ્લિંગ નામથી જ દ્વેષ થાય છે. પણ પરપુરૂષ સાથે ગુપ્ત રીતે રતિ માણી લે છે. એવી નારીનો પતિ અને બીજા પુરૂષ પણ તેને પતિવ્રતા સમજે છે.'

રાજા વિક્રમાદિત્યે હસીને પૂછયું–

'દેવદમની ! શું તમે કોઇ એવી વિચિત્ર પતિવ્રતા સ્ત્રી બાબતમાં જાણો છો ? શું કોઇ યુગમાં આવી કોઇ નારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થઈ છે ખરી, જે પુરૂષ નામની વસ્તુથી દ્વેષ કરતી હોય અને પર-પુરૂષ સાથે પ્રેમ કરતી હોય ?'

દેવદમનીએ કહ્યું-

'સ્વામી ! હું તમને એવી જ એક રાણીની કથા સંભળાવું છું, જેના ગુપ્ત પ્રેમનું રહસ્ય અદ્ભુત રીતે ખુલ્લું પડી ગયું હતું.'

દેવદમની કથા સંભળાવવા લાગી-

એક રાજા હતો. તેની રાણી રાજાને ખૂબ પ્રેમ કરતી હતી. તે સદા પોતાના હાથે પિરસીને રાજાને ભોજન કરાવતી અને રાજાની થાળીમાં વધેલું ભોજન જ ખાઈને પોતાના અનન્ય પ્રેમનો પરિચય આપતી.

એક વખત રાજા જ્યારે ભોજન કરવા બેઠો ત્યારે તેણે પોતાની થાળીમાં વધેલું ભોજન પોતાની રાણીને આપ્યું.

રાણી ભોજન કરવા બેઠી. અને જેવો થાળીમાં હાથ નાખ્યો કે તરત જ ચમકીને ઊભી થઇ ગઈ. તેના આવા આચરણને જોઇને રાજાએ આશ્ચર્યથી પોતાની રાણીને પૂછ્યું-

'પ્રિયે ! તુ એકદમ શા માટે ઉભી થઈ ગઇ ? શું આ ભોજનમાં તમારી આજે રુચિ નથી ? અચાનક જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમારા આ રુચિ-પરિવર્તનનું કારણ શું ?'

'સ્વામી ! આ ભોજનથી મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે, તેથી હું આ ભોજન કરીશ નહીં. હવે હું બીજું ભોજન કરીશ.'

રાણીના આ કથનથી રાજાને વધારે આશ્ચર્ય થયું. તેણે પૂછયું-

'હે રાણી ! તમારી એવી કઇ પ્રતિજ્ઞા છે કે, જે તમારા આ ભોજનથી તૂટી જાય છે ?'

રાણીએ સ્પષ્ટીકરણ કર્યું-

'સ્વામી ! આ થાળીમાં નર-મીનનું ચિત્ર દોરેલું છે. મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે હું તમારા સિવાય કોઈ પર-પુરૂષનો કદાપિ સ્પર્શ પણ કરીશ નહીં.

'જો તે માછલી હોત તો મને કોઈ વાંધો ન હતો. પણ આ તો નર મત્સ્ય અથવા માછલો છે, તેથી હું તેનો સ્પર્શ નહીં કરું.

'પુરૂષ, આખરે તો પુરૂષ જ છે, પછી ભલે તે જડ હોય કે ચેતન.'

રાણીના આ કથનને સાંભળીને ચિત્રિત નિર્જીવ મત્સ્ય એકાએક જ હસી પડયો અને શાન્ત થઈ ગયો.

એવું લાગ્યું જાણે એ મૃત-નિર્જીવ મત્સ્યમાં એકાદ પળ માટે કોઈ દેવ પ્રવેશી ગયો ન હોય ! રાજા એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મત્સ્યને તેના હસવાનું કારણ કેવી રીતે પૂછી શકે ?

'રાણી ! તમારી પ્રતિજ્ઞા પણ અદ્‌ભુત, વિચિત્ર અને સાથે સાથે પ્રશંસા લાયક છે.

'પરંતુ આ નિર્જીવ મત્સ્યનું હસવું તો તેનાથી પણ વિચિત્ર છે. તેથી તમે મને તેનાં હસવાનું કારણ જણાવો.

'તમે તો તેના હસવાનું કારણ જરૂર જાણતાં હશો, કારણ કે આ મત્સ્ય તમારૂં કથન સાંભળીને જ હસ્યો છે.'

રાણીએ પોતાનો પીછો છોડાવતાં કહ્યું–

'સ્વામી ! બીજાના મનનું રહસ્ય ભલા હૂં કેવી રીતે બતાવી શકું ? હું તો મારા મનની વાત જ જાણું છું. મારા મનમાં જે હતું, તે મેં તમને કહી દીધું.

આ મત્સ્ય કેમ, હસ્યો તેનું કારણ હું નથી જાણતી. મારી અને આપની સરખી સ્થિતિ છે. જ્યાં તમે, ત્યાં હું. જ્યારે તમે જ નથી જાણતા ત્યારે હું કેવી રીતે જાણી શકું ?'

રાજાને રાણીના આ જવાબથી સંતોષ થયો નહીં. તેઓ મત્સ્ય હાસ્યનું રહસ્ય જાણવા માટે ઉત્સુક અને ચિંતિત બની ગયા.

તેમણે અનેક પંડિતો અને જ્યોતિષીઓને બોલાવ્યા. અને બધાને મત્સ્ય-હાસ્યનું કારણ પૂછ્યું, પરંતુ કોઈ પણ આ વિચિત્ર અને અસંભવિત ઘટનાનું રહસ્ય બતાવી શક્યું નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છેવટે, રાજપુરોહિતને પૂછયું તો તે પણ નિરુત્તર રહ્યા એટલે રાજાએ ખિજાઈને રાજપુરોહિતને ઠપકો આપતાં કહ્યું-

'પુરોહિતજી ! તમને રાખવાથી શો લાભ, જ્યારે તમે મારી ચિંતાનું નિવારણ કરી શકતા નથી ? તેથી ત્રણ દિવસની અંદર જો તમે મને મત્સ્ય-હાસ્યનું રહસ્ય નહીં જણાવી શકો તો પછી તમને મારા રાજ્યમાં રહેવાનો કોઇ અધિકાર રહેશે નહીં.'

રાજાનો ઠપકો અને દેશ-નિકાલની ચેતવણી સાંભળીને રાજપુરોહિત ઉદાસ ચહેરે પોતાને ઘેર પહોંચ્યો. તેની પુત્રી બાલપંડિતાએ પિતાની ઉદાસીનું કારણ પૂછયું તો તેણે બધો વૃત્તાન્ત પોતાની પુત્રીને સંભળાવ્યો.

બધું કારણ જાણી લીધા પછી પુરોહિતની બેટી બાલ-પંડિતાએ પોતાના પિતાને કહ્યું-

'પિતાજી ! આપ રાજાને કહો કે હું એમને મત્સ્ય હાસ્યનું કારણ જણાવીશ.'

પુરોહિત અત્યંત પ્રસન્ન થયો અને પ્રસન્ન મુખે રાજાની પાસે પહોંચીને બોલ્યો-

'રાજન્ ! મારી પુત્રી આપને મત્સ્ય હાસ્યનું કારણ જણાવશે.'

રાજાએ સંમાન સહિત પુરોહિતની બેટી બાલ-પંડિતાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલાવી અને તેને ઊંચા આસન પર એક પડદા પાછળ બેસાડી.

મત્સ્ય-હાસ્યનું રહસ્ય સાંભળવા માટે રાજાની સાથે તેની રાણી તથા બીજા અમાત્યો પણ બેઠા. બાલ-પંડિતાએ રાજાને સંબોધીને કહ્યું-

'રાજન્! તમે મત્સ્ય હાસ્યનું કારણ ના પૂછો તો સારું, કારણ કે શરીર અને ઘરનું રહસ્ય ઢંકાયેલું રહે એ જ સારું છે.

'આ શરીરની અંદર મળ-મૂત્ર, થૂંક, મજ્જા વિગેરે અનેક ઘૃણાલાયક વસ્તુઓ છે. પણ તે ઢંકાયેલી હોવાને કારણે શરીર તિરસ્કારવા લાયક લાગતું નથી.

'તેનું ખુલ્લું થવું કેટલું ખરાબ છે, એ વિચાર કરીને મત્સ્ય હાસ્યના રહસ્યને રહસ્ય જ રહેવા દો, નહીં તો તમારે પણ એવી રીતે પસ્તાવું પડશે, જેમ મંડક કઠિયારાને પસ્તાવું પડ્યું હતું.'

બાલપંડિતાની વાત સાંભળીને રાજાએ પૂછ્યું-

'પહેલાં તમે એ જણાવો કે મંડક કોણ હતો અને તેને શા માટે પસ્તાવું પડ્યું હતું?'

બાલપંડિતાએ કહ્યું-

### મંડકનો પશ્ચાત્તાપ

શ્રીપુર નામના નગરમાં કમલ નામનો એક કઠિયારો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો, જે ગરીબીના દુઃખથી સદા પીડાતો હતો, ને દરરોજ જંગલમાંથી લાકડાં કાપી લાવતો અને મુશ્કેલીથી પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરતો હતો.

એક દિવસ જંગલમાં ફરતાં-ફરતાં તેને એક જૂનું મંદિર મળ્યું. તેમાં ગણપતિની એક મોટી લાકડાની પ્રતિમા હતી. તે લાકડાની પ્રતિમાને જોઈને કમલે મનમાં ને મનમાં નિશ્ચય કર્યો કે આ મૂર્તિમાંથી તો એક મોટા ઢગલા જેટલું સૂકું લાકડું મળશે.

આજે તો આને જ કાપીને લઇ જઈશ. તેમાંથી સારા પૈસા મળશે. આવો નિશ્ચય કરીને તે કુહાડી લઇને ગણ-પતિની મૂર્તિને કાપવા તૈયાર થયો. તે જ વખતે તે મૂર્તિ-માંથી અવાજ આવ્યો-

'હે કઠિયારા! તું મારી મૂર્તિને કાપીશ નહીં. હું તેના બદલામાં તને એક એવું સાધન આપું છું, જેનાથી તારી બધી ઈચ્છાઓ પૂર્ણ થઈ જશે.

'કઠિયારા! તું દરરોજ સવારે અહીં આવતો રહે. અહીંથી તને દરરોજ મંડક (માલપુડા) અને પાંચ સોના-મહોર મળતી રહેશે.

'માલપુડાથી તારું, તારા કુટુંબનું અને મહેમાનોનું ઉદર-પોષણ થશે અને મહોરોથી તારી બીજી જરૂરિયાતો પૂરી થયા કરશે.

'પણ હે કઠિયારા! તારે એક વાતની સાવધાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાખવી પડશે કે આ પ્રાપ્તિનું રહસ્ય ગુપ્ત રાખવું પડશે.

'જો તું મંડક અને મહોરોની પ્રાપ્તિનું રહસ્ય જાહેર કરી દઈશ તો તને ભવિષ્યમાં મંડક અને મહોરો મળવાનું બંધ થઈ જશે.'

હવે કમલનું જીવન આનંદથી પસાર થવા લાગ્યું. તે શ્રીપુરમાં મંડક નામથી પ્રસિદ્ધ થઈ ગયો. એક દિવસ તેની પત્નીએ હઠ કરીને પૂછ્યું-

'સ્વામી! તમે દરરોજ મંડક અને પાંચ મહોરો ક્યાંથી લાવો છો?'

મંડકે વાત ટાળવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ સ્ત્રી-હઠ આગળ લાચાર બનીને તેને બધું રહસ્ય બતાવવું પડ્યું અને પરિણામ એ જ આવ્યું, જે આવવાનું હતું. મંડકને માલપુડા અને મહોરો મળતી બંધ થઈ ગઇ.

આ કથા સંભળાવ્યા પછી બાલપંડિતાએ રાજાને ફરીથી કહ્યું-

'હે રાજન્! એટલા માટે આપને કહું છું કે આપ મત્સ્ય-હાસ્યનું કારણ જાણવાની હઠ છોડી દો, નહીં તો તમે પણ મંડકની જેમ પસ્તાશો.'

રાજાએ કંઈક વિચાર કર્યો અને આગળ વાત વધારી નહીં. સભા વિસર્જિત થઇ ગઈ. બાલપંડિતા રાજભવનની અતિથિશાળામાં જ રોકાઈ ગઈ.

બીજા દિવસે રાજાએ ફરીથી બાલપંડિતાને મત્સ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાસ્યનું કારણ પૂછ્યું તો બુદ્ધિમતી બ્રાહ્મણ કન્યાએ કહ્યું–

'રાજન્! મત્સ્ય-હાસ્યનું કારણ જાણીને આપ સિંદૂર પદ્મ ખેડૂતની જેમ દુઃખી થશો. હું આપને સિન્દૂર-પદ્મ ખેડૂતની કથા સંભળાવું છું.'

## સિન્દૂર પદ્મ

પદ્મપુર નામના નગરમાં પદ્મ નામનો એક ખેડૂત રહેતો હતો. પદ્મ ખેડૂત અત્યંત ધનવાન હતો. તેનાં ખેતરોમાં ઘણું અન્ન પેદા થતું હતું, જાણે ધરતી સોનું જ પકવતી હતી.

ધન કદાપિ સ્થાયી નથી રહેતું. લક્ષ્મી તો ચંચળ ખરી ને! તેથી ભાગ્યના યોગે પદ્મ ખેડૂત અત્યંત ગરીબ થઈ ગયો.

અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિથી તેનાં ખેતરોમાં ઘણાં વર્ષો સુધી અનાજ પાક્યું નહીં. ગરીબાઈથી રિબાતો પદ્મ પરદેશ જવા માટે નીકળ્યો અને એક જંગલમાં પહોંચી ગયો.

ત્યાં તેને એક સિદ્ધ યોગી સાથે મુલાકાત થઇ. યોગીએ પદ્મને દેવ અધિષ્ઠિત સિન્દૂર આપ્યું. સિન્દૂરની વિશિષ્ટતા એ હતી કે તે દરરોજ પાંચસો સોનામહોર આપતું હતું.

પણ યોગીની એક શરત હતી. જો સિંદૂરનું રહસ્ય પદ્મ જાહેર કરી દેશે તો તે ફરીથી યોગી પાસે પાછું ચાલ્યું જશે અને ફરીથી તેને મળશે નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધન મળતાં જ સામાન્ય રીતે માણસ અવિવેકી બની જાય છે. આ તથ્યના આધારે પદ્મ ખેડૂત એક વેશ્યાના પ્રેમરંગમાં આસકત રહેવા લાગ્યો.

વેશ્યા પણ તેને ખૂબ ચાહતી હતી, કારણ કે પદ્મ ખેડૂત વેશ્યાને દરરોજ પાંચસો સોનામહોર આપતો હતો. વેશ્યાની માતાએ પોતાની બેટીને કહ્યું–

'તું આ પરદેશી પાસેથી આ રહસ્ય જાણી લે કે તે આ યથેષ્ટ ધન દરરોજ તને કેવી રીતે આપે છે. પછી દરરોજ માગણી કરવાની માથાકૂટ જતી રહેશે.'

કામિની આગળ મોટા-મોટા ધીર-વીર પણ નમી પડે છે. વેશ્યાના નાટકીય પ્રેમાગ્રહથી લાચાર બનીને પદ્મ ખેડૂતે સિન્દૂરનું રહસ્ય જણાવી દીધું અને પછી આખું જીવન પસ્તાવો કરતો રહ્યો.

આ વાર્તા સંભળાવ્યા પછી બીજો દિવસ પણ ખાલી પસાર થઈ ગયો. આ વાર્તાથી રાજાની જિજ્ઞાસા થોડી ઘટી ખરી, પણ પૂર્ણ રીતે શાન્ત ના થઈ.

તેથી રાજાએ ત્રીજા દિવસે ફરીથી આગ્રહ કર્યો. બાલ-પંડિતાએ રાજાને ફરીથી સમજાવ્યો–

'રાજન! હું આપને મત્સ્ય-હાસ્યનું કારણ તો જરૂર બતાવી શકું તેમ છું. છતાં પણ તમને કહું છું કે તમે ના પૂછો તે જ સારું છે, કારણ કે તમારે પણ રમાની જેમ આજીવન પસ્તાવું પડશે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'આજે રમા નામની રાણીને કેવી રીતે પસ્તાવું પડયું તેની વાર્તા પણ સાંભળો.'

## રમાની વાર્તા

લક્ષ્મીપુર નામના નગરમાં મુકુન્દ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની રાણી રમા અત્યંત સુંદર હતી અને પોતાના પતિ રાજા મુકુન્દને ખૂબ પ્રેમ કરતી હતી.

એક વખત લક્ષ્મીપુરમાં પડોશનો રાજા ચન્દ્ર મુકુન્દનો મહેમાન બનીને આવ્યો. તેના રૂપને જોઇને રાણી રમા તેના પર આસક્ત થઈ ગઈ અને તેના વિરહમાં દુઃખી થવા લાગી.

રાજા મુકુન્દે રાણીની ઉદાસીનું કારણ તેને પૂછયું તો તેણે બીજું ગમે તે કારણ બતાવીને રાજાની વાત ઉડાવી દીધી. પણ તે રાજા ચન્દ્રનો વિરહ સહન કરી શકી નહીં એટલે વાત-વાતમાં તે પોતાના પતિ રાજા મુકુન્દ સાથે ઝગડવા લાગી.

તેના આ ઝગડાથી રાજા મુકુન્દ અત્યંત દુઃખી થયો અને ઘણા પ્રયત્નો કરવા છતાં પણ રાણીના ગુસ્સાને શાન્ત કરી શકયો નહીં.

એટલે રાણી રમાએ એક દિવસ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું–

'હું હવે તમારી પાસે રહેવા માગતી નથી. હું રાજા ચન્દ્રની રાણી બનીશ. તેથી તમે મને સંબંધ-વિચ્છેદનું પ્રમાણ આપી દો, જેથી હું મને મનપસંદ રાજા ચન્દ્રની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રિયા બની શકું.'

રમાની આ અનપેક્ષિત વાત સાંભળીને રાજાએ તેને સમજાવ્યું–

'હે રાણી ! તું એમ શા માટે કહે છે ? આર્યકન્યા જીવનમાં એક જ વખત લગ્ન કરે છે. જે યૌવન-સુખ માટે તું રાજા ચન્દ્ર પાસે જવા માગે છે, તે યૌવન સ્થાયી તો છે નહીં.

'હે રાણી ! જેમ ઐશ્વર્યની શોભા મધુરતા, શૌર્યની શોભા સંયમ, જ્ઞાનનું ભૂષણ શાન્તિ, શાસ્ત્ર જ્ઞાનની શોભા વિનય, ધનનું ભૂષણ તેનો સદુપયોગ એટલે કે પાત્રદાનમાં ખર્ચ, તપનું ભૂષણ અક્રોધ, અધિકારની શોભા ક્ષમા અને ધર્મનું ભૂષણ દંભ રહિત બનવું તે છે, તે રીતે સર્વોત્તમ અને બધા ગુણોનો આશ્રય નારીનું ભૂષણ તેનું શીલ છે. +

'તેથી તું પણ રાજા ચન્દ્ર પાસે જવાનો વિચાર છોડી દે.'

રાજાએ ઘણી બધી સમજાવટ કરવા છતાં પણ રમાએ પોતાનો દુરાગ્રહ છોડયો નહીં એટલે લાચાર બનીને રાજા મુકુન્દે પોતાના તરફથી રાણી રમાને સંબંધ-વિચ્છેદનું લાખત પ્રમાણ આપી દીધું.

---

+ ઐશ્વર્યસ્ય વિભૂષણં મધુરતા, શૌર્યસ્ય વાક્સંયમો ।
જ્ઞાનસ્યોપશમઃ શ્રુતસ્ય વિનયો વિત્તસ્ય પાત્રે વ્યય : ।।
અક્રોધસ્તપસઃ ક્ષમા પ્રભાવતો ધર્મસ્ય નિર્વ્યાજતા ।
સર્વેષામપિ સર્વકામગુણિતં શીલં પરં ભૂષણમ્ ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રસન્ન બનીને રાણી રમાએ રાજા ચન્દ્રના નગર તરફ પ્રયાણ કર્યું. આ તરફ રાજા મુકુન્દે એક બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધું, જે અત્યંત વિનયી અને બુદ્ધિશાળી હતી.

જ્યારે રાણી રમા રાજા ચન્દ્રના નગરમાં ગઈ તો તેને ખબર પડી કે તાજેતરમાં જ રાજા ચન્દ્રનું મૃત્યુ થઈ ગયું છે.

આ સમાચારથી રાણી રમાને ખૂબ પસ્તાવો થયો અને નિરાશ બનીને ફરીથી લક્ષ્મીપુરમાં રાજા મુકુંદ પાસે આવી.

પણ રાજા મુકુન્દે તેનો સ્વીકાર કર્યો નહીં અને તેનો તિરસ્કાર કરતાં કહ્યું-

'જે ચન્દ્રને તું મનથી તારો પતિ માની ચૂકી હતી, તારે એની સાથે જ ચિતામાં બળી મરીને સતી થવું જોઇએ. મારી પાસે તારે શું કામ ? મેં તો તને ખૂબ સમજાવી હતી, પણ તું તો કામ-પીડાથી અંધ બની ગઈ હતી.

'હવે જેને એક વખત હું ત્યાગી ચૂકયો છું, તેને સ્વીકારી શકું નહીં. તું તો મારા ઘરમાં દાસી બનવાને લાયક પણ નથી.'

રમા બંને તરફથી રહી ગઇ. તેનું પોતાનું ઘર પણ ગયું અને રાજા ચન્દ્ર પણ તેને મળ્યો નહીં.

બાલપંડિતાએ રાજાને કહ્યું-

'રાજન્ ! તમારે રાણી રમાની જેમ પસ્તાવું ન પડે, એટલા માટે હું આપને આગ્રહ કરું છું કે આપ મત્સ્ય હાસ્યનું રહસ્ય ના પૂછો.'

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે રીતે બાળ-હઠ અને સ્ત્રી-હઠ પ્રસિદ્ધ છે, તે રીતે રાજ-હઠ પણ પ્રસિદ્ધ છે. તેથી બાલપંડિતાએ વારંવાર સમજાવવા છતાં પણ રાજાએ મત્સ્ય-હાસ્યનું રહસ્ય જાણવાની હઠ છોડી નહીં. એટલે લાચાર બનીને બાલપંડિતાએ કહ્યું-

'રાજન્! તમારો પુષ્પહાસ નામનો મંત્રી કેદમાં છે. તેને કારાગારમાંથી મુકત કરીને તરત જ અહીં બોલાવડાવો. તેના પર દેવ પ્રસન્ન છે. દેવના પ્રભાવથી તે બધું રહસ્ય કહેવા સમર્થ છે.'

રાજાએ તરત જ આદર સહિત પુષ્પહાસ મંત્રીને સભાની વચ્ચે બોલાવડાવ્યો. મંત્રી આવતાં જ હસ્યો તો તેના મુખમાંથી ફૂલ ઝર્યાં. રાજાએ પુષ્પહાસ મંત્રીને કહ્યું-

'મંત્રી! તમે મને મત્સ્ય-હાસ્યનું કારણ જણાવો.'

મંત્રીએ કહ્યું—

'રાજન્! તમે કાગળ અને ખડિયો-કલમ મંગાવડાવો. મારા ઉપર જે દેવ પ્રસન્ન છે, તે તેમાં બધું રહસ્ય લખી દેશે. બધાની સમક્ષ રહસ્ય ખુલ્લું કરવું યોગ્ય નથી.'

અદૃશ્ય રુપે દેવે કાગળ પર મત્સ્ય-હાસ્ય લખી નાખ્યું. રાજાએ વાંચ્યું. તેમાં લખ્યું હતું—

'હે રાજા! તમારી રાણી તમારા મહાવત સાથે પ્રેમ કરે છે. તે દિવસે તે ભોજનના થાળમાં નર-મત્સ્યને જોઈને એવી બગડી હતી, જાણે તે સતી સીતાનો અવતાર હોય! તેના આ નાટકીય પતિપ્રેમને જોઈને જ ચિત્રિત મત્સ્ય હસ્યો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'રાજન્ ! તમારી રાણી જ્યારે ત્યારે તક મેળવીને મહાવત પાસે જાય છે અને મોડી પહોંચતાં અથવા ક્યારેક ન જતાં મહાવત તેને કોરડાથી માર મારે છે.

'જો તમે આ રહસ્યનું પ્રમાણ જાણવા માગતા હો તો રાણીની પીઠ ખુલ્લી કરીને જોજો. તેના પર કોરડાનાં નિશાન હશે.'

રાજાએ દેવલિખિત મત્સ્ય-હાસ્યનું કારણ પૂછ્યું અને રાણીના નાટકીય પ્રેમને જાણીને ખૂબ દુઃખી થયો.

આ બધો વૃત્તાન્ત રાણી દેવદમની રાજા વિક્રમાદિત્યને સંભળાવી રહી હતી. સંપૂર્ણ વાર્તા કહી સંભળાવ્યા બાદ રાણી દેવદમનીએ રાજા વિક્રમાદિત્યને કહ્યું-

'સ્વામી ! એટલા માટે હું કહું છું કે તમારે અમને સૌ રાણીઓને સમાન રીતે પ્રેમ કરવો જોઈએ. હાલ તો તમે ફક્ત નવી રાણી પદ્મામાં જ આસક્ત રહો છો. તમને કઈ રાણી વધુ પ્રેમ કરે છે અને કઈ થોડો, તેને તમે બાહ્ય વ્યવહારથી કેવી રીતે જાણી શકો ?'

મત્સ્ય-હાસ્યની આ અદ્ભુત કથાને સાંભળીને રાજા વિક્રમાદિત્યે રાણી દેવદમનીને ધન્યવાદ આપ્યા અને બધી રાણીઓ વચ્ચે સમાન પ્રેમ રાખવા લાગ્યા. વાસ્તવમાં સ્ત્રી ચરિત્રના પટનો ક્યાંય અંત નથી. એક પછી એક અનેક પટ ખુલતા જ જાય છે. વિવેકી માણસ પોતાની જાતને જ સંભાળી લે છે.

સમાપ્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust